૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯(હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,

ગુજરાત રાજ્ય
વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

ક્રમાંક:હિતિનિ/ટીસી/ફા-૧૦૧/૨૦૧૫/૩૮૬૨ થી ૭૭ તા.૧૦ /૭/૨૦૧૫

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ઇન્ડીયન ઓવરસીઝ બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, ઇન્ડીયન બેંક,પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, અલ્હાબાદ બેંક આઈ.ડી.બી.આઈ.બેંક ની ગાંધીનગરની શાખાને સાયબર ટ્રેઝરી મારફતે ઈ–પેમેન્ટથી મળતી મનોરંજન કર કમિશ્નરશ્રીની કચેરીની આવક સ્વીકારવાની મંજૂરી આપવા બાબત.

<u>પરિપત્ર નંબર : ૪ /૨૦૧૫</u>

માહિતિ અને પ્રસારણ વિભાગના તા.૨૬/૬/૨૦૧૫ના ઠરાવ No.MNR/102015/1089/A થી મળેલ મંજુરી અન્વયે નીચે મુજબની જાહેરક્ષેત્રની આઠ(૮) બેંકોને સાયબર ટ્રેઝરી મારફતે ઇ-પેમેન્ટથી મળતી મનોરંજન કર કમિશ્નરશ્રીની કચેરીની Entertainment Tax, Luxury Tax અને Application Fee for Exemption of Entertainment Tax to Gujarati Films ની આવકો સ્વીકારવાની મંજુરી આપવામાં આવેલ છે. આ આવકો સ્વીકારવા અંગેની બેંકની સંલગ્ન શાખાનું નામ તેમજ તેને સંલગ્ન સાયબર તિજોરી કચેરીની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | બેંકનું નામ | બેંકની સંલગ્ન શાખાનું નામ | સંલગ્ન તિજોરી કચેરીનું નામ |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | મેઇન બ્રાન્ચ, નવા સચિવાલય સામે, સેકટર ૧૦- બી, ગાંધીનગર. | જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગર |
| ૨ | ઇન્ડીયન ઓવરસીઝ બેંક | પ્લોટ નં.-૩૮૩,ઘ રોડ, સેકટર-૧૬, ગાંધીનગર. | જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગર |
| ૩ | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા | પ્લોટ નં.-૩૧૪, શોપીંગ સેન્ટર,ઘ-૫ રોડ, સેકટર-૧૭, ગાંધીનગર. | જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગર |
| ૪ | ઇન્ડીયન બેંક | બ્લોક નં.-૩૧૬, સેકટર-૧૬, ગાંધીનગર. | જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગર |
| ૫ | પંજાબ નેશનલ બેંક | ઘ-૪,૧/૨ સેકટર-૧૬, ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગર |
| ૬ | બેંક ઓફ બરોડા | વિધાનસભા બ્રાન્ચ,ઘ-૪, ઉધોગ ભવન પાસે, સેકટર-૧૧, ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગર |
| ૭ | અલ્હાબાદ બેંક | ૧૯૬-૧૯૬ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સેકટર-૨૧, ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગર |
| ૮ | આઈ.ડી.બી.આઈ.બેંક | સુપર મોલ, ઇન્ફોસીટી,ઘ-૦ સર્કલ પાસે, ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગર |

સરકારી કામકાજ સંભાળતી ઉકત બેંકોને મનોરંજન કર કમિશ્નરશ્રીની કચેરીની Entertainment Tax, Luxury Tax અને Application Fee for Exemption of Entertainment Tax to Gujarati Films ની આવકો સ્વીકારવા નીચે મુજબની શરતો પૂર્ણ કરવાની શરતે મંજુરી આપવામાં આવે છે.રાજય સરકારની નીતિ અન્વયે ઉકત આવકો નિયત મર્યાદા કરતાં વધુ રકમો ઈ–પેમેન્ટ દ્વારા સ્વીકારવાની રહેતી હોઈ ઉકત

બેંકો ની આ માટેની ઉપલબ્ધ વેબ સાઈટ ઉપર પ્રથમ ઈ–પેમેન્ટનું ઈન્ટરફેસ ઉભું કરી હિસાબ અને તિજોરી નિયામકની કચેરીના ઈડીપી સેલ અને ટીસીએસના સંપર્કમાં રહીને જરૂરી ટેસ્ટીંગ કરવાનું રહેશે.

- ટેસ્ટીગ સફળતા પૂર્વક પૂર્ણ થયે તેની ખાત્રી તિજોરી અધિકારીશ્રી તથા મનોરંજન કર કમિશ્નરશ્રી કચેરીમાંથી કર્યા બાદ સાયબર ટ્રેઝરી દ્વારા નાણાં સ્વીકારવાની શરૂઆત કરવા અંગે નાણા વિભાગ, મનોરંજન કર કમિશ્નરશ્રી કચેરી, ગાંધીનગર, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરને તેની જાણ કરવાની રહેશે.
- ઈ–પેમેન્ટથી સ્વીકારેલ આવકોના તમામ ઈ–ચલન તેમજ ઈ–સ્ક્રોલ તથા ફીઝીકલ ફોર્મમાં ચલન તથા સ્ક્રોલ સાયબર ટ્રેઝરી તરીકે કામ કરતી જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરને નિયમિત રીતે મોકલવાના રહેશે.
- ઈ–પેમેન્ટથી સ્વીકારાયેલ આવકો નિયત સમયમર્યાદામાં આર.બી.આઈ. માં સેટલમેન્ટ કરવાની રહેશે અન્યથા પેનલ્ટી ચૂકવવાની રહેશે.
- ઉકત બેંકો દ્વારા મનોરંજન કર કમિશ્નરશ્રી કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર સાથે પરામર્શ કરી મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ અન્વયે યોગ્ય પેકેજ તૈયાર કરી જરૂરીયાત મુજબ પત્રકો તૈયાર કરીને સંબંધિત સક્ષમ અધિકારીઓને રોજેરોજ હાર્ડકોપી તથા સોફટવેરને અનુરૂપ સોફટ કોપી સહિત પૂરા પાડવાના રહેશે.
- ઉકત બેંકો દ્વારા સ્વીકારાયેલ રાજય સરકારશ્રીની આવક રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની વખતોવખતની ગાઈડ લાઈન / સુચના મુજબની સમયમર્યાદામાં આર.બી.આઈ.માં જમા કરાવવાની રહેશે. અન્યથા બેંકે નિયત કરાયેલ વ્યાજ / દંડકીય વ્યાજ ચૂકવવાનું રહેશે.
- ઉકત બેંકો દ્વારા નિયત થયેલ સમયમર્યાદામાં તારીખવાર થયેલ વ્યવહારોનું માસિક પત્રક (DATE WISE MONTHLY STATEMENT) તિજોરી કચેરીએ સ્વીકારેલ દૈનિક સ્ક્રોલ / પાસબુક મુજબ જ તૈયાર થયેલ છે. તેની ખાત્રી કરીને તિજોરી કચેરી ગાંધીનગરને મોકલી આપવાના રહેશે અને તિજોરી કચેરી ગાંધીનગરે બેંકે મોકલેલ માસિક પત્રકની તિજોરી કચેરીના રેકર્ડ સાથે કાળજી પૂર્વક ચકાસણી કરી બરાબર માલુમ પડે તો તેને અધિકૃત કરી, ઉકત બેંકોને પરત કરવાનું રહેશે. જે તે બેંકે આ રીતે અધિકૃત થયેલ પત્રક (VERIFIED DATE WISE MONTHLY STATEMENT-VDMS) નિયત થયેલ સમય મર્યાદામાં અમદાવાદ ખાતેની રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પબ્લીક એકાઉન્ટસ ડીપાર્ટમેન્ટને મોકલી આપવાના રહેશે.
- જે તે બેંક દ્વારા રોજે રોજ RBI માં સેટલમેન્ટ કરેલ રકમની વિગત લોકેશન વાઇઝ હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીને સોફટ કોપીમાં ઉપર દર્શાવેલ મેઇલથી મોકલવાની રહેશે.
- ઈન્સ્ટ્રુમેન્ટ વ્યવહારો અંગે નિયત થયેલ કમિશનની રકમ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ચુકવવાની રહેશે. આ અંગેના વ્યવહારો અંગે રાજય સરકારની કમિશનની ચૂકવણી અંગે કોઈ જવાબદારી રહેશે નહી.
- આવકો જમા કરાવવા માટે વેપારીઓ/ નાગરીક માટે જે તે બેંકમાં ખાતું ખોલાવવાનું ફરજીયાત નથી. તેઓ તેમની જૂની બેંકમાં ખાતુ ચાલુ રાખી શકશે.

➢ દરેક માસની પહેલી તારીખે આગળના માસ દરમ્યાન સ્વીકારાયેલ આવકની વિગતો દર્શાવતું આર.બી.ડી. સ્ટેટમેન્ટ એટલે કે Datewise Monthly Statement (DMS) જરૂરી સંમતિ માટે સંલગ્ન જિલ્લા તિજોરી કચેરીને મોકલવામાં આવે છે. તેવી જ રીતે તેની સાથોસાથ ઈ–પેમેન્ટથી સ્વીકારાયેલ આવકોનું DMS જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરને મોકલવાનું રહેશે.

**<u>તિજોરી કક્ષાની કામગીરી :–</u>**

➢ તિજોરી અધિકારીઓએ સ્ટેટમેન્ટ ઓફ રીસીપ્ટ સાથે VDMS (VERIFIED DATE WISE MONTHLY STATEMENT ) નકલ એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદને બે નકલમાં માસિક હિસાબ સાથે નિયત કરેલ સમય મર્યાદામાં મોકલી આપવાના રહેશે.

આથી જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરને ઉપરોકત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા/ કરાવવા સૂચના આપવામાં આવે છે.

નિયામક

**<u>નકલ સવિનય રવાના:–</u>**

૧. સંયુકત સચિવશ્રી, (પેન્શન–તિજોરી) નાણાં વિભાગ, 'ઝ' શાખા, સચિવાલય,ગાંધીનગર
૨. ડાયરેકટર, ઈન્સ્ટીટયુશનલ ફાયનાન્સ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. મેનેજર–પીએડી, રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ
૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઈ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ તરફ જાણ સારુ
૫. મનોરંજન કર કમિશ્નરશ્રી કચેરી.ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૬. બ્રાંચ મેનેજરશ્રી,સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર મેઈન બ્રાન્ચ,સેકટર–૧૦બી, ગાંધીનગર
૭. બ્રાંચ મેનેજરશ્રી, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા,પ્લોટ નં.– ૩૧૪, શોપીગ સેન્ટર, ઘ–૫, સેકટર–૧૭, ગાંધીનગર – ૩૮૨૦૧૭
૮. બ્રાંચ મેનેજરશ્રી, બેંક ઓફ બરોડા , વિધાનસભા બ્રાંચ,ઘ–૪,ઉધોગ ભવન પાસે,ગાંધીનગર
૯. બ્રાંચ મેનેજરશ્રી, આઈ.ડી.બી. આઈ. બેંક, સુપર મોલ ,ઈન્ફોસીટી , ઘ–૦, સર્કલ પાસે, ગાંધીનગર ૩૮૨૦૦૯
૧૦. બ્રાંચ મેનેજરશ્રી,પંજાબ નેશનલ બેંક, ઘ–,4 ½ , સેકટર–૧૬, ગાંધીનગર
૧૧. બ્રાંચ મેનેજરશ્રી,અલ્હાબાદ બેંક, ૧૯૬-૧૯૯ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સેકટર-૨૧, ગાંધીનગર ઈન્ડીયન ઓવરસીઝ બેંક,
૧૨. બ્રાંચ મેનેજરશ્રી,પ્લોટ નં. ૩૮૩, ઘ રોડ, સેકટર–૧૬, ગાંધીનગર
૧૩. બ્રાંચ મેનેજરશ્રી,ઇન્ડીયન બેંક, પ્લોટ નં.-૩૮૩,ઘ રોડ, સેકટર-૧૬, ગાંધીનગર.

**<u>નકલ રવાના:–</u>**

૧૪. સંયુકત નિયામકશ્રી, ઈ.ડી.પી.સેલ, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.
૧૫. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ.